# આર્મી વાઇફ: પડદા પાછળની શ્રેય વગરની 'સૈનિક'

યુદ્ધ અને સૈન્ય એ બોલિવૂડ માટેના પ્રિય વિષય રહ્યાં છે. એટલે એમાં સત્તાવાર હકીકતના બયાન સાથે કલ્પનાના રંગ પણ પૂરાતા જ રહ્યા છે. આવી ફિલ્મોમાં કલ્પનાના રંગ પૂરી શકાય તેવું એકમાત્ર પાસું એટલે મિલિટરી ઓફિસર્સનું પારિવારીક જીવન અને એમાંય 'મિલિટરી વાઈફ'અથવા 'આર્મી વાઈફ'જેવો શબ્દ જેમના માટે પ્રચલિત છે એવી મિલિટરી ઓફિસર્સની પત્નીઓનો સમાવેશ થાય છે. મોટા, નાના કે ઈવન ઓનલાઈન પડદે પણ(અરે ભાઈ, OTT પર) આર્મી વાઈફનું જે પ્રકારનું પાત્રાલેખન થાય છે તેમાં હસતા મુખે પતિને યુદ્ધ મોરચે મોકલવાથી માંડીને પતિની શહીદી પછી ઊભી થતી પરિસ્થિતિમાં પોતાને અને બાકીના સૌને ઢાળતી વ્યક્તિ તરીકે દર્શાવવામાં આવે છે પણ તટસ્થ રીતે ધ્યાનમાં રાખવા જેવી બાબત તો એ છે કે આ પાત્રાલેખન હકીકતથી ક્યાંય વેગળું હોય છે. આર્મી કે મિલિટરી વાઈફના ચિત્રણ અંગેનું એક પાસું છે. એ જ રીતે મિલિટરી વાઈફના ચિત્રણ અંગેનું બીજું પાસું છે એક પાર્ટી વાઈફ કે પાર્ટી કમ્પેનિયન તરીકેનું. આ જે બીજું પાસું છે તે સંદર્ભે તો બે જાણીતાં ગીતોનાં ઉદાહરણ યાદ આવે છે: એક, ધર્મેન્દ્ર અને રાજેન્દ્ર કુમારની જાણીતી વૉર ફિલ્મ લલકારનું જાણીતું ગીત- ગા લો, મુસ્કુરા લો, મહેફિલે સજા લો.... બે, તાજેતરમાં જ નેટફ્લિક્સ પર આવેલી ઓનલાઈન વૉર વેબ સિરિઝ ઓપરેશન સફેદ સાગરમાં પાર્ટી સીનમાં ફિલ્મ બાઝીગરના જાણીતા ગીતનો ઉપયોગ. આ બંને ઉદાહરણમાં મિલિટરી વાઈફને પાર્ટી ડૉલ તરીકે જ દર્શાવાઈ છે તે અર્થઘટન વાસ્તવિકતાથી જોજનો દૂર છે. એમ કહો કે એ એક મિલિટરી વાઈફના વાસ્તવિક વ્યક્તિત્વનું ઘણું સીમિત અર્થઘટન છે.

**બોર્ડર**

**કેપ્ટન શૂરવીર સિંહ**





હકીકતે આર્મી વાઈફ એ પડદા પાછળની શ્રેય વગરની 'સૈનિક'છે.

હાલ આ વાત એટલા માટે યાદ આવી કે 'ઈન્ડિયા ટૂડે'માં તાજેતરમાં જ એક અહેવાલ પ્રગટ થયો હતો, જેમાં ઓપરેશન સફેદ સાગર વેબ સિરિઝનો હવાલો લઈને તેમજ કેટલીક રીયલ મિલિટરી વાઈવ્સને ટાંકીને આ જ વાત વિગતે કરવામાં આવી છે. આ અહેવાલ વિગતે સમજીએ. આ અહેવાલના આરંભે જ જે કેટલીક મિલિટરી વાઈવ્સના અવતરણો ટાંકવામાં આવ્યાં છે તેમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે મિલિટરી વાઈફ એ માત્ર પાર્ટી વાઈફ નથી જ. આ સ્પષ્ટ અભિપ્રાય આપનાર મિલિટરી વાઈફનું નામ છે, પરવીન બ્રાર, જેમના જીવનસાથી ભારતીય લશ્કરમાંથી બ્રિગેડિયર તરીકે સેવાનિવૃત્ત થયા છે.

આમના જેવાં રીયલ લાઈફ મિલિટરી વાઈફને મળીએ ત્યારે ખ્યાલ આવે કે રીલ લાઈફમાં મિલિટરી વાઈફની લાઈફ જે રીતે બતાવવામાં આવે છે, તે તો તેમના સતત પડકારભર્યા વાસ્તવિક જીવનની એક પૂરી પણ નહીં એવી અછડતી ઝલક માત્ર હોય છે.

આ રીયલ લાઈફ મિલિટરી વાઈવ્સનું રોજિંદું જીવન સમયાંતરે થતી રહેતી બદલીઓ અને તેના પગલે સમયના દર થોડા અંતરાલે બધું જ નવેસરથી ગોઠવીને શૂન્યથી શરૂઆત કરવાની પડતી ફરજ જેવા પડકારથી ભરેલું હોય છે. આ લોકોના જીવનમાં આ એક મુખ્ય અને એટલો મોટો પડકાર હોય છે કે તેની સામે પછી બીજા પડકાર ગૌણ લાગે છે અને છતાં સૌથી નોંધપાત્ર બાબત તો એ હોય છે કે એક મિલિટરી વાઈફ પસાર થતા સમયની સાથે હસતા મુખે આ બધું સહજતાથી સ્વીકારી લઈને તેનાથી 'ટેવાઈ'જાય છે.

**એક મિલિટરી વાઇફ પોતાના જીવનમાં સૌથી મહત્ત્વનો કોઈ બોધપાઠ શીખે છે તો એ છે, નિયમિત સમયાંતરે સતત નવેસરથી શરૂઆત કરતાં રહેવાની આદત**

આ ઉપરાંત વળી, ફિલ્મી પડદે દર્શાવાતી છબિથી સાવ સામા છેડે ઘણી મિલિટરી વાઈવ્સ ટીચર્સ, લૉયર્સ, કન્સલ્ટન્ટ્સ, એન્ટરપ્રેન્યોર્સ જેવી સ્વતંત્ર કારકિર્દી પણ ધરાવતી હોય છે અને પોતાની આ કારકિર્દી સાથે એક લશ્કરી કુટુંબનો હિસ્સો હોવાની પડકારજનક કૌટુંબિક જવાબદારીઓ પણ બખૂબી નિભાવતી હોય છે. આમાંથી વળી, કેટલીક મિલિટરી વાઈવ્સ એવી પણ હોય છે કે જે પોસ્ટિંગના સ્થળેથી દૂર પોતાની કારકિર્દીની જરૂરિયાત મુજબના સ્થળે પણ ફરજ બજાવતી હોય છે. આ ઉપરાંત પણ જે મિલિટરી વાઈવ્સ સત્તાવાર રીતે હાઉસ વાઈફ હોય છે તે પણ મિલિટરી વેલ્ફેર એક્ટિવિટીઝમાં પણ સતત સક્રિય રીતે સંકળાયેલી હોય છે.




આ લોકોના જીવનમાં ડોકિયું કરવા માટે ઈન્ડિયા ટૂડે ડિજિટલ દ્વારા સેવાનિવૃત્ત બ્રિગેડિયર, એક સેવારત લેફ્ટનન્ટ કર્નલ, એક એર વાઇસ માર્શલ તેમજ એક લેફ્ટનન્ટ કમાન્ડર(ઈન્ડિયન નેવી)ના પરિવારની પણ મુલાકાત લેવામાં આવી હતી.

મિલિટરી વાઈવ્સની આ વાત હાલના સમયમાં વળી એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ બને છે કે એક સમયે જ્યાં મહિલા લશ્કરી અધિકારીઓનો પ્રવેશ ઘણો મુશ્કેલ લાગતો હતો અને તેમની ભૂમિકા ઘણી મર્યાદિત હતી એ ભારતીય લશ્કરમાં મોટા પ્રમાણમાં પુરુષ લશ્કરી અધિકારીઓની સાથે જ ખભેખભા મિલાવીને કામ કરતી મહિલા લશ્કરી અધિકારીઓની સંખ્યા આજે લગભગ 11,000ને પાર પહોંચી છે. જોકે આજના બદલાતા સમયમાં ભારતીય લશ્કરનું આ પાસું જેટલું ઉજાગર થતું રહ્યું છે તેની તુલનામાં મિલિટરી વાઈફની વાસ્તવિક ભૂમિકા આજે પણ મહદંશે અજાણી જ રહી છે. અહીં આ લોકોની આ અજાણી ભૂમિકાને યથાશક્તિ ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે.

આ રીતે જોતાં એમ કહી શકાય કે એક મિલિટરી વાઈફની વાસ્તવિક ભૂમિકા શહીદ જવાનોની પત્નીઓને જરૂરી મદદ કરી તેમને સ્વનિર્ભર બનાવવાથી માંડીને વિવિધ હેન્ડિક્રાફ્ટ્સ બનાવીને તેમને વેચીને નાણાકીય આત્મનિર્ભરતા હાંસલ કરવા સુધી તેમજ મિલિટરી વાઈવ્સ માટે કલ્યાણકારી એવી વિવિધ શૈક્ષણિક તેમજ વ્યવસાયલક્ષી પહેલ સફળતાપૂર્વક ચલાવવા સુધી વિસ્તરે છે. આ બધાની વચ્ચે કોઈ સાથી લશ્કરી અધિકારીની વેલકમ પાર્ટી કે ફેરવેલ પાર્ટી અને અન્ય સાંસ્કૃતિક અને મનોરંજનલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન પણ આ જ લોકો કરતાં રહે છે. એટલે હકીકત એ હોય છે કે જે પાર્ટીઓ થકી માત્ર પાર્ટી વાઈફ તરીકે પોપ્યુલર ઈમેજ ઊભી કરાય છે તે પાર્ટીઓના પડદા પાછળના આયોજકો પણ આ જ લોકો હોય છે.

આ બધાની સાથે એક મિલિટરી વાઈફ પોતાના જીવનમાં સૌથી મહત્ત્વનો કોઈ બોધપાઠ શીખે છે તો એ છે, નિયમિત સમયાંતરે સતત નવેસરથી શરૂઆત કરતાં રહેવાની આદત. આનું કારણ એ છે કે સત્તાવાર પોસ્ટિંગના અનિવાર્ય હિસ્સારૂપે લશ્કરી અધિકારીઓની બદલી થાય ત્યારે નવા સ્થળે આરંભમાં તેમને હંગામી આવાસ મળે છે અને પછી થોડા સમય બાદ કાયમી નિવાસસ્થાન મળે છે. એ ઉપરાંત વળી, એવી સંભાવના પણ સતત રહે છે કે એક પોસ્ટિંગ જમ્મુ-કાશ્મીરમાં હોય તો બીજું નવું પોસ્ટિંગ વળી તામિલનાડુના વિલિંગ્ટન જેવા કોઈ સ્થળે હોય. એટલે મિલિટરી વાઈવ્સ સતત નવા સ્થળે અનુકૂલન સાધવાનો અને ગમે ત્યારે, ગમે ત્યાં નવેસરથી શરૂઆત કરવાનો કસબ હસ્તગત કરતી રહે છે. ટૂંકમાં મિલિટરી વાઈવ્સની ભૂમિકા પણ પડદા પાછળના 'સૈનિક'થી કમ હોતી નથી.



# 'મિર્ઝાપુર- ધ મૂવી' પછી તેના યુનિવર્સની તૈયારી શરૂ થઈ છે!

ફિલ્મ 'મિર્ઝાપુર- ધ મૂવી' એ પહેલા જ દિવસે દુનિયાભરમાં કુલ રૂ. 36.67 કરોડનું કલેક્શન કરીને બોક્સ ઓફિસ પર ધમાકો કર્યો છે. બોલિવૂડમાં વેબ સિરીઝ પરથી ફિલ્મો બનાવવી એ એક મોટો ટ્રેન્ડ બની શકે છે. નિર્માતાઓ માટે આ એક સુરક્ષિત અને નફાકારક મોડેલ સાબિત થઈ શકે છે.

ફિલ્મની અપાર સફળતા અને તેની એન્ડિંગ બાદ હવે એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે નિર્માતાઓ માત્ર એક ફિલ્મ કે સિરીઝ પૂરતા સીમિત રહેવાના નથી, પરંતુ આખી 'મિર્ઝાપુર સિનેમેટિક યુનિવર્સ'ની ભવ્ય રચના કરવા જઈ રહ્યા છે. ભવિષ્યમાં દર્શકોને માત્ર OTT પર જ નહીં, મોટા પડદા પર પણ વારંવાર મિર્ઝાપુરની દુનિયા જોવા મળશે. 'મિર્ઝાપુર'ની સિઝન 4 પરનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને તે 2027માં રિલીઝ થવાની પૂરી સંભાવના છે. નિર્માતાઓની રણનીતિ એવી છે કે દર વર્ષે મિર્ઝાપુર સાથે જોડાયેલી ફિલ્મ કે સિરીઝ આવતી રહે, જેથી દર્શકોનો ઉત્સાહ ક્યારેય ઓછો ન થાય. જ્યારે સિરીઝની લાંબી કહાનીઓ અને સિનેમાઘરોની મોટી ફિલ્મોનો પ્લોટ એકબીજા સાથે ક્રોસ થશે ત્યારે આખું બ્રહ્માંડ વધુ ખતરનાક અને રોમાંચક બનશે.

**ફિલ્મની અપાર સફળતા અને તેની એન્ડિંગ બાદ હવે એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે નિર્માતાઓ માત્ર એક ફિલ્મ કે સિરીઝ પૂરતા સીમિત રહેવાના નથી, પરંતુ આખી 'મિર્ઝાપુર સિનેમેટિક યુનિવર્સ'ની ભવ્ય રચના કરવા જઈ રહ્યા છે**

પહેલી ફિલ્મ પણ કોઈ જૂની શ્રેણીનો ભાગ નથી, પરંતુ સવા ત્રણ કલાકની એક સાવ નવી સ્વતંત્ર ફિલ્મ છે, જેમાં જૂનાં પાત્રો અને કલાકારો નવા સમય અને અલગ વળાંક સાથે જોવા મળે છે. જે વાર્તા અત્યાર સુધી માત્ર મોબાઈલ કે લેપટોપની નાની સ્ક્રીન પર જોઈને લોકો રોમાંચિત થતા હતા, એ જ 'ભૌકાલ' અને ધમાકાને મોટા પડદા પર થિયેટરના વાતાવરણમાં માણવાનો અનુભવ અલગ છે.

**ફિલ્મોગ્રાફ**

**રાકેશ ઠક્કર**

નિર્માતાઓએ દર્શકોની આ જ ઈચ્છાને ધ્યાનમાં રાખીને ત્રણ કલાકની જોરદાર અને મસાલેદાર વાર્તા સિનેમાઘરોમાં ઉતારી છે, જેને જનતાએ ખુલ્લા હાથે સ્વીકારીને રેકોર્ડબ્રેક સફળતા અપાવી છે!

કોવિડ મહામારી પછી બોલિવૂડમાં કોઈપણ ક્રાઈમ થ્રિલર ફિલ્મ માટેની આ સૌથી મોટી ઓપનિંગ છે. તેણે અજય દેવગનની પ્રખ્યાત ફિલ્મો 'દૃશ્યમ 2' અને 'રેડ 2'ને પણ પાછળ છોડી દીધી છે. પહેલા દિવસે ભારતમાં ઓપનિંગ રૂ. 28.18 કરોડ હતી, જે બીજા દિવસે વધીને રૂ. 32.78 કરોડ થઈ. ફિલ્મે વર્ષ 2026ના ગ્લોબલ ઓપનર્સમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે.

જ્યારે કોઈ વેબ સિરીઝ લાંબી ચાલે છે ત્યારે તેના પાત્રો, જેમ કે મુન્ના ભૈયા, કાલીન ભૈયા કે ગુડ્ડુ પંડિત, અને તેની દુનિયા દર્શકોના દિલમાં વસી જાય છે. નિર્માતાઓ માટે આ સૌથી મોટો ફાયદો છે કે તેમને દર્શકોને નવા પાત્રો સમજાવવામાં સમય નથી બગાડવો પડતો, કારણ કે જનતા પહેલાથી જ તે પાત્રોને પ્રેમ કરતી હોય છે.

જેમણે 'મિર્ઝાપુર' સિરીઝ જોઈ છે તેમને પાત્રોની પૃષ્ઠભૂમિ અને તેમની વચ્ચેની દુશ્મની સમજવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. ઊલટું, તેમને જૂની યાદો તાજી કરવાનો આનંદ મળે છે. જે લોકો પહેલીવાર આ સિનેમેટિક યુનિવર્સમાં પ્રવેશી રહ્યા છે તેમને પણ વાર્તા સાથે જોડવામાં અને કથાને સમજાવવામાં નિર્દેશક ગુરમીત સિંહ પૂરેપૂરા સફળ રહ્યા છે.

દરેક પાત્ર પોતાની આગવી રીતે ચમકે છે. નવા પાત્રો પણ ઉત્તમ અભિનય આપે છે. દિવ્યેન્દુ (મુન્ના) એ પોતાની એક્ટિંગ અને ડાયલોગ ડિલિવરીથી દમદાર છાપ છોડી છે. જેસલમેરથી આવેલા 'બબ્બન શેર'નું નવું એંગલ અને પર્ફોર્મન્સ ગમે એવું છે. રવિ કિશન પોતાની હાજરીથી ફિલ્મના ગામઠી વાતાવરણને વધુ ગાઢ બનાવે છે.

બબલુનું રિપ્લેસમેન્ટ થયું છે. જોકે વિક્રાંત મેસી નથી, છતાં જીતુ ભૈયાએ આ પાત્રને ખૂબ સરસ રીતે ભજવ્યું છે. અલી ફઝલને મોટા શરીર અને અભિનય માટે યાદ કરવામાં આવશે. પંકજ ત્રિપાઠી 'કાલીન ભૈયા'ની શૈલી અને ભયાનક આભાને મૂર્તિમંત કરી જાય છે.

વાર્તામાં સ્ત્રી પાત્રો અને રાજનીતિનું મિશ્રણ ખૂબ જ શક્તિશાળી રીતે બતાવવામાં આવ્યું છે. બીના (રસિકા દુગ્ગલ)નું એંગલ પણ આખી ફિલ્મ દરમિયાન રસપ્રદ બની રહે છે. શીબા ચઢ્ઢા મનોરંજનની ક્ષણો ઉમેરે છે, જ્યારે સોનલ ગ્લેમર લાવે છે. ગુડ્ડુ પંડિત અને મુન્ના ભૈયાની એન્ટ્રી પર થિયેટરમાં સીટીઓ અને તાળીઓનો વરસાદ થાય છે. બંને સામસામે બંદૂક તાણીને ઊભા હોય એ દૃશ્ય ખૂબ રોમાંચિત કરે છે. મુન્ના ભૈયા અને કાલીન ભૈયા વચ્ચેની જૂની દુશ્મનીના અસલ કારણનો ફિલ્મમાં ખુલાસો કરવામાં આવ્યો છે. ફિલ્મનું સંગીત અને ખાસ કરીને હરિયાણવી ગીતોનો ઉપયોગ થિયેટરમાં જોરદાર ઊર્જા ભરી દે છે. ગીતો અહીં બળતણ તરીકે કામ કરે છે. દરેક લડાઈ અથવા ચેઝ સિક્વન્સ માટે એક ખાસ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે દૃશ્યને વધુ મનોરંજક બનાવે છે.

અસંખ્ય પાત્રો હોવા છતાં વાર્તા પોતાનો રસ્તો ભૂલતી નથી. તે ફક્ત કેટલીક જગ્યાએ થોડી ધીમી પડી જાય છે. કેટલાક નબળા પાસાઓ છે. જેમ કે, વાર્તા આગળ વધતાં જ અંતનો અંદાજ સહેલાઈથી આવી જાય છે, જેના લીધે રહસ્ય થોડું ઓછું રોમાંચક બને છે. જો દર્શક અગાઉની ધારાવાહિકથી પરિચિત ન હોય તો આ ફિલ્મ સાથે ભાવનાત્મક જોડાણ સાધવું મુશ્કેલ બને છે. શ્રેણીની વાર્તામાં જે કસાવટ હતી, તે અહીં અનુભવાતી નથી. આગળ શું થવાનું છે એવી ભાવના ખાસ વધતી નથી. અલબત્ત, એક્શન, ડ્રામા, ગાળો અને કોમેડીના મસાલાને કારણે ચાહકોને કંટાળો નહીં આવે. થિયેટરના અનુભવ અને દમદાર અભિનય માટે આ એક ઉત્તમ મનોરંજક ફિલ્મ સાબિત થાય છે. કુટુંબ કે બાળકો સાથે આ ફિલ્મ જોવાનું ટાળવું હિતાવહ છે.

**ઓટોગ્રાફ!**


*'મિર્ઝાપુર- ઘ મૂવી'માં બિઝનેસ ભલે કટ્ટાનો હોય, પણ ક્લાઈમેક્સમાં તો કાલીન ભૈયાએ પૂરવાર કરી દીધું કે અસલી તાકાત તો હાથ-પગમાં જ છે! (નિર્માતાને પણ ખબર છે કે બિઝનેસ ભલે ગનથી ચાલે, પણ થિયેટર તો 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ' જેવી મુક્કાબાજીથી જ ચાલે છે!)*

# ટ્યૂશનની બદી એકવીસમી સદીને સદી ગઈ છે..!

દોસ્તો, ડાયાબિટીસવાળાને ગળપણની પરેજી હોય પણ તેથી એમ ન કહી શકાય કે ગોળ નકામી વસ્તુ છે. અત્રે નજરે નિહાળેલી જીવંત કહાની રૂપે સત્ય ઘટના પ્રસ્તુત છે. અમે લેખ માટે વિષય શોધતા હતા, ત્યાં કંઈક એવું બન્યું કે મન બોલી ઊઠ્યું: "અરે વાહ...! આનાથી સુંદર વિષય બીજો કયો હોઈ શકે?" અમે શું જોયું..? ઢોરના ડબ્બામાં ઢોર પૂર્યા હોય એમ પંદર-વીસ ભૂલકાઓથી ચીકાર ભરેલી રિક્ષા રોડ પર પૂરપાટ જઈ રહી હતી. જાણે એક ટ્રક ભરીને ઢોર કતલખાને લઈ જવાઈ રહ્યાં હોય..!(આપણે પોલીસમાં ફરિયાદ કરીને ઢોર છોડાવી શકીએ પણ બાળકો માટે જીવદયાની એવી કોઈ વ્યવસ્થા નથી.)

દોસ્તો, આ દેશમાં બાળકો જેટલો કમનસીબ જીવ બીજો એકેય નથી. આપણાં દેશમાં મોટા ભાગનાં બાળકોને સવારે પાંચ વાગ્યે ભરઊંઘમાંથી ઉઠાડી દેવામાં આવે છે. તેની ઊંઘેલી આંખો સામે નાસ્તાની ડીશ મૂકવામાં આવે છે. તેણે ન ખાવું હોય તો ય ખાવું પડે છે. પછી રિક્ષા આવે છે. એ રિક્ષા એટલે હરતી-ફરતી જેલ..! ચીકાર ભરેલી એ રિક્ષામાં બાળક તેના અધમણના દફતર સાથે જેમ તેમ ઘૂસે છે. રિક્ષામાં એક-એકથી ચડિયાતા તોફાની બારકસો હોય છે. તરેહ-તરેહના આક્રમણો વેઠતું બાળક સ્કૂલે પહોંચે છે ત્યાં ટીચરનો ત્રાસ શરૂ થાય છે: "હોમવર્ક કેમ કર્યું નથી..? કવિતા કેમ નથી આવડતી..?" બાળકોનો ખેલવા-કૂદવાનો સમય છીનવી લેવાય છે. મન પર જુલમ ગુજારીને બાળકે ભણવા બેસવું પડે છે. દોસ્તો, એ દૃશ્ય તમે ન જોયું હોય તો જરૂર જોજો. બાળકોને જે રીતે ભણાવવામાં આવે છે તે જોઈને એવું લાગ્યા વિના રહેતું નથી કે વર્તમાન યુગની એ બાળહત્યા છે. એમાં બાળકની આંખો ચૂપચાપ અશ્રુ સારવા માટે મજબૂર બને છે. એ સામાજિક અપરાધની કોઈ સજા જાહેર ન થાય ત્યાં સુધી છાતી ઠોકીને કહી શકાય કે એ બાળશોષણ બાવીસમી સદીમાં પણ ચાલુ રહેવાનું છે.

**બાળકની આંખો ચૂપચાપ અશ્રુ સારવા માટે મજબૂર બને છે એ સામાજિક અપરાધની કોઈ સજા જાહેર ન થાય ત્યાં સુધી છાતી ઠોકીને કહી શકાય કે એ બાળશોષણ બાવીસમી સદીમાં પણ ચાલુ રહેવાનું છે**






અમારા જમાનામાં ટ્યૂશનો હતાં નહીં. જુનિયર કેજી અને સીનિયર કેજીની બેવડી જફા ય ન હતી. બાળકોને પૂરા પાંચ વર્ષ સુધી ખેલવા-કૂદવાનો સમય મળતો. ને છઠ્ઠા વર્ષે પહેલા ધોરણમાં ડાયરેક્ટ પ્રવેશ મળી જતો. નો ડોનેશન.. નો ટ્યૂશન.. ડાયરેક્ટ એડમિશન..! આજે અઢી વર્ષના બાળકને માથે શિક્ષકોનો ત્રાસ શરૂ થઈ જાય છે: પહેલું વર્ષ પ્લે ગ્રુપનું.. પછી જુનિયર કેજી અને સીનિયર કેજીના બે વર્ષ.. ત્યારબાદ પહેલા ધોરણમાં પ્રવેશ મળે છે. અઢી વર્ષના બાળકની બુદ્ધિમર્યાદા બહુ સીમિત હોય છે. (એવડા ટાબરિયાને ટ્યૂશનની શી જરૂર પડતી હશે તે કેમે કરી સમજી શકાતું નથી.)

સમાજ બદલાયો છે. મૂલ્યો બદલાયા છે. આજના પ્રગતિશીલ યુગમાં સમાજમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ સ્પર્ધાત્મક યુગ ચાલે છે. હવે પોતાનું ભલું-બૂરું શેમાં છે તે અંગેના મૌલિક વિચારોને બદલે દેખાદેખી વધી છે. એક ઘેટું ખાડામાં પડે તો તેની પાછળ ચાલતાં બીજાં ઘેટાં પણ ખાડામાં પડે છે. વિચારસરણીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે એથી પાડોશીનું નાનું ટાબરિયું ટ્યૂશને જતું હોય તો આપણે કંઈ પાડોશીથી ઉતરતા થોડા છીએ? આમ સૌએ ખભેખભા મિલાવીને શિક્ષણને નામે દૂધમલ બાળકોનું શોષણ કર્યું છે. આજે શિક્ષણ ટ્યૂશનલક્ષી અને ભણતર ગાઈડલક્ષી બની ગયું છે. અમારા જમાનામાં 'ટ્યૂશન' શબ્દ જ સાંભળવા મળતો ન હતો.

**જીવન સરિતાને તીરે**

**દિનેશ પાંચાલ**

હમણાં એક શિક્ષક પાસેથી તેમનો અનુભવ સાંભળી અમે દંગ રહી ગયા. તેમણે કહ્યું: 'હવે તો સ્થિતિ એ છે કે ખૂબ મહેનત કરીને પોતાની પૂરેપૂરી કાબેલિયત દ્વારા શિક્ષકની નોકરી મેળવી હોય તો પણ લોકો તે છોડીને ટ્યૂશનના "ગલ્લા" ખોલે છે. કેમ..?- તો કહે પગાર કરતાં ટ્યૂશનમાં બેવડી કમાણી થાય છે. મોટાભાગના લોકોની વિચારસરણી એવી હોય છે કે આખો સમાજ બદલાઈ રહ્યો હોય ત્યાં આપણી જૂની પીપૂડી વગાડતા રહેવાનો શો અર્થ..?

આજે સ્થિતિ એવી છે કે બહુધા લોકો સ્કૂલ તો માત્ર ફી ભરીને પોતાના બાળકનું શિક્ષણ ઓથેન્ટિક છે તે બતાવવા પૂરતો જ (મતલબ લિવિંગ સર્ટિફિકેટ લેવા માટે જ સરકારી શાળાનો ઉપયોગ કરે છે) બાકી તેમનો ખરો મદાર તો ટ્યૂશન પરત્વે જ હોય છે. કેમકે ટ્યૂશન ક્લાસમાં તેમના બધાં મિત્રો જતા હોય; ઉપરથી બાળકોને નાસ્તા-પાણી, ભોજન વગેરે કરાવવામાં ટ્યૂશન ટીચરો પાછી પાની કરતાં નથી. બલકે કેટલાંક શિક્ષકો તો ગાજી-બજાવીને કહે છે: 'અમને જેટલો પગાર મળે છે તેમાંથી ઘરબાર ચલાવ્યા પછી પણ અમારા શિરે તરેહ-તરેહના ખર્ચા આવી પડે છે. અમારા માબાપે પણ અમારી પાછળ સ્કૂલની ફી તો લિવિંગ સર્ટિફિકેટ મેળવવા માટે જ ભરી હતી; બાકી ભણતર જેવું તો હવે ટ્યૂશન ક્લાસોમાં જ રહ્યું છે.'

**ધૂપછાંવ**

*જમાનાએ હવે એવો બદલાવ સ્વીકાર્યો છે કે કોઈ માવતરને પોતાનું સંતાન ટ્યૂશન વિનાનું "અભણ" રહી જાય તે પરવડતું નથી. એથી હવે દેખાદેખી વધી છે. (ખુદ સ્કૂલમાં નોકરી કરતાં શિક્ષકોનાં સંતાનો પણ ટ્યૂશન ક્લાસમાં જાય છે- બોલો, કંઈ કહેવું છે..?)*